| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪ | |
|---|---|---|
| Accredited Grade A by NAAC | | |


નં જોડાણ/૨/ ૬૪૬ /૨૦૧૮ — તા.૨૮-૦૬-૨૦૧૮

સંદર્ભ :- (૧) અત્રેની યુનિવર્સિટી ના પરિપત્ર જોડાણ/૨/ ૩૮૪૮/૨૦૧૩ તા. ૬-૩-૨૦૧૩
(૨) શિક્ષણ વિભાગના તા.૧૭-૭-૨૦૧૭ નો પત્રક્રમાંક સયજ/૨૦૧૩/૧૩૩૫/ખ.૧

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે સિન્ડીકેટ સભા તા. ૨૪-૧૨-૨૦૧૨ ની સભાના ઠરાવ ૩૯ થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ હતો.

" આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલંગ્ન ગ્રાન્ટેબલ કોલેજોમાં વિદ્યાર્થી પૂરતા ન મળવાથી પ્રોત્સાહન આપવા સંબંધી જે કોલેજ નવા વિષયોનાં જોડાણની માંગણી કરે તેની ડીપોઝીટ તેમજ જોડાણ ફી લેવી નહિં પરંતુ જે કોલેજ કોર્ષ કે ફેકલ્ટીનાં જોડાણની માંગણી કરે તો તેની નિયમોનુસારની ડીપોઝીટ તેમજ ફી લેવાનું રાખવું. "

જે અન્વયે રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ પત્ર – ૨ થી જણાવ્યા અનુસાર રાજ્ય સરકારશ્રીની તા. ૨૧-૧૨-૨૦૦૧ ની સૂચનાઓ સાથે સુસંગત નથી તેમ જણાવી નવા વિષયના જોડાણની સૈદ્ધાંતિક પૂર્વ મંજુરીની દરખાસ્ત નિયમાનુસારની ડીપોઝીટ ફી જે લેવા પાત્ર હોય તે લીધા બાદ દરખાસ્ત રજુ થયે યોગ્ય વિચારણા માટે આગળની કાર્યવાહી માટે હાથ ધરવી. જે બાબત સિન્ડીકેટની વિચારણામાં હતી. યુનિવર્સિટીની સિન્ડીકેટ સભાના તા.૧૩-૩-૨૦૧૮ નો ઠરાવ નં. ૩૦ નીચે મુજબ છે.

"આથી ઠરાવવામાં આવે છે. માન. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભિતપત્ર અનુસાર નિયમાનુસારની ડીપોઝીટ લઇ આગળની કાર્યવાહી હાથ ધરવી " જે બાબત માન્ય રાખેલ હોઈ સંદર્ભ – ૧ મુજબ ના પરિપત્રમાં થયેલ સુધારો ધ્યાને લઈ તેનો અમલ કરવાનો રહેશે, જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. ધિરેન પંડ્યા )
કુલસચિવ

(મુસદો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના આચાર્યશ્રીઓ

સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ..............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K pariptr 18 15